R. EXE. NO. 394 OF 2025
Order Below ex - 09

**– :: આંક – ૦૯ તળે વિશેષ હુકમ :: –**

આ કામના દરખાસ્ત લેણદાર તરફે આવેલ અરજીના અનુસંધાને દરખાસ્તના લેણદારની અરજી મંજૂર કરી દરખાસ્તના દેણદારને બજવણી થતી નહી હોવાની હકીકતોએ આ કામે દરખાસ્તના લ ેણદારને સાથે રાખી બજવણી કરવા માટેનો આદેશ કરવામાં આવેલ હતો. આ કામે દરખાસ્તના લેણદારને બેલીફશ્રી તરફથી જાણ કરવા છતા બજવણી કરાવવા માટે હાજર રહેલ નહી હોવાની હકીકતોએ પ્રોસેસ બજવણી થઈ શકેલ નથી. આ હકીકતોએ આ કામના દરખાસ્તના લેણદારને આ કામે આગળની કાર્યવાહી કરવાની દરકાર હોવાનું જણાઈ આવતું નથી. દરખાસ્તના લેણદાર આ કામે બજવણી માટે સહકાર આપતા હોવાનું જણાઈ આવતું નથી.

નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે જયારે કોઈ પણ દરખાસ્ત છ માસમાં પુરી કરાવાનો આદેશ કરેલ છે ત્યારે છ માસમાં દરખાસ્ત પુરી થાય. આ કામના દરખાસ્તના લેણદાર સરનામું પણ રજૂ રાખી શકે નહી તો સ્વાભાવિક રીતે જ આ કામ સમય મર્યાદામાં પુરૂ થઈ શકે નહી. જો દરખાસ્તના લેણદાર અચુક હાજર રહી કાર્યવાહી આગળ ચલાવવા સહકાર આપે નહી તો સ્વાભાવિક રીતે નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરવાની દરખાસ્તના લેણદારની વૃત્તિ હોવાનું કહી શકાય નહી. આ હકીકતો ધ્યાને લેતા આ કામના દરખાસ્તના લેણદારને વધુ સમય આપવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું ન હોય મુદત અરજી મંજૂર કરવાનો હુકમ કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતું નથી. જે હકીકતોએ હાલની મુદત અરજી આથી ના મંજૂર યાને કે રદ કરવાનો હુકમ

કરવામાં આવે છે.

તા. ૧૩/૦૩/૨૦૨૬
સ્થળ:સિહોર

(પરેશગીરી નટવરગર ગોસ્વામી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
સિહોર, જી. – ભાવનગર.
કોડ નં. – જીજે – ૦૧૦૩૭